

# આસપાસ ચોપાસ



## અમુક જગ્યાએ પેવર બ્લોક અને સીસી માર્ગોની જરૂરિયાત

શામગહાનથી ગોટીયામાળ, માલેગામ-સોનુનિયા હુંબાપાડાને જોડતો આંતરિક માર્ગ ડાંગ જિલ્લા પંચાયત માર્ગ-મકાન પેટા વિભાગ આહવાના કાર્યપાલક ઈજનેર પી.આર.ચૌધરી અને નાયબ કાર્યપાલક ઈજનેર એમ.ડી.પટેલ અને મદદનીશ ઇજનેર સાગર ગંવાદેના માર્ગદર્શન હેઠળ થોડા સમય પહેલા જ નવીનીકરણ કરવામાં આવ્યો છે. જે આંતરિક માર્ગની હાલત ચોમાસાની ઋતુમાં તેમજ હાલમાં ખૂબ જ સારી જોવા મળી છે. આ માર્ગ પરથી વાહનો સલામત રીતે પસાર થાય છે. આ માર્ગ શામગહાન-જોગબારી-ગોટીયામાળ-સોનુનિયા-હુંબાપાડા સહિત મહારાષ્ટ્રનાં સુરગાણા તાલુકાનાં ગામડાંને જોડતો હોવાથી આ માર્ગને સુવિધા પથ અથવા રાજ્ય ધોરી માર્ગમાં સમાવી પહોળો કરવામાં આવે તેવી ગ્રામજનોમાં માંગ ઊઠી છે. ગામમાં ગ્રામ પંચાયત દ્વારા દરેક ફળિયામાં પેવરબ્લોક અને સીસીના માર્ગો બનાવવામાં આવ્યા છે. જે પેવર બ્લોક માર્ગોની હાલત સારી છે. જ્યારે અમુક જગ્યાએ હજુ પણ પેવર બ્લોક અને સીસી માર્ગોની તાતી જરૂરિયાત લાગી રહી છે. આ ગામનો મોટા ભાગનો વિસ્તાર સમથળ હોય અને થોડોક ભાગ અંશત: ટેકરાળ હોવાથી ચોમાસાનું પાણી ભરાઈ રહેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આ ગામમાંથી ચોમાસાનું પાણી કોતરોમાં ઊતરી જાય છે.

## ગામમાં પશુ દવાખાનું છે, પણ કોઈ સ્ટાફ જ નથી!



ડાંગ જિલ્લાનું ગોટીયામાળ ગામ આહવાથી અંદાજિત 38 કિલોમીટરના અંતરે આવેલું છે. ગોટીયામાળ ગામ વઘઇ-સાપુતારા આંતર રાજ્ય ધોરી માર્ગથી શામગહાન-સોનુનિયા આંતરિક માર્ગમાં 6 કિલોમીટરના અંતરે તથા સાપુતારાથી 10 કિલોમીટરના અંતરે આવેલું ગામ હોવાથી આ ગામથી આહવા, વઘઇ કે વાંસદા, ચીખલી, બીલીમોરા જવું હોય તો લોકોને દૂરનું અંતર પડે છે. જ્યારે વહીવટી મથક આહવા જવું હોય તો પણ દૂરનું અંતર પડે છે. અહીં એક આંગણવાડી કેન્દ્ર, ધો.1થી 8ની સરકારી પ્રાથમિક શાળા, ધો.1થી 10ની આશ્રમશાળા, પોસ્ટ ઓફિસ, ગ્રુપ ગ્રામ પંચાયતની કચેરી, પશુ દવાખાનું હોવાથી અહીંના લોકોને સગવડ મળી રહે છે. આ ગામ આંતરરાજય ધોરી માર્ગથી 6 કિલોમીટરના અંતરે આવેલ હોવાથી દિવસ દરમિયાન આહવા સોનુનીયા એસટી બસ બે વખત અવરજવર કરે છે. જ્યારે બસનો સમય ચૂકી જતા લોકોને ખાનગી વાહનોમાં આવનજાવન કરવું પડે છે. આ ગામને નાની-મોટી બીમારીના સમયમાં શામગહાન, વઘઇ, આહવા અથવા તો વાંસદા અથવા વલસાડ સિવિલ હોસ્પિટલ સુધી દોડવું પડે છે. વધુમાં નજીકમાં શામગહાન ખાતે સી.એચ.સી. અને સાપુતારા ખાતે પી.એચ.સી. હોસ્પિટલ આવેલી છે. જેથી નાની-મોટી બીમારીઓમાં લોકોને 6થી 10 કિલોમીટરનું અંતર કાપી દવાખાને જવું પડે છે. આ ગામમાં પશુ દવાખાનું પણ છે. પરંતુ તેમાં કોઈ સ્ટાફ જ ન હોવાના પગલે ધણીદોરી વગરનું બની ગયું છે. હાલમાં આ પશુ દવાખાના પર સ્ટાફ મૂકવામાં આવે તેવી લોકમાંગ ઊઠી છે. સાથે જ ગોટીયામાળ ગામ વિસ્તારમાં નવું પી.એચ.સી. દવાખાનું પણ મંજૂર કરવામાં આવે તેવી લોકોની માંગ છે. ગોટીયામાળ ગામ મધ્યમાં આવેલું ગામ હોવાથી વાચક વર્ગ માટે અહીં લાઇબ્રેરી પણ બનાવવામાં આવે તેવી માંગ ઊઠી છે.

# ગોટીયામાળ



## મિલનકુમાર ચૌધરીને વારસાગત રાજકારણ મળ્યું



મિલનકુમાર ચૌધરી



અર્જુનભાઈ કે.ગવળી

અગાઉ ગોટીયામાળ ગ્રુપ ગ્રામ પંચાયતમાં પાંચ જેટલાં ગામ ગ્રુપ ગ્રામ પંચાયતમાં ગોટીયામાળ, બરમ્યાવડ, ગુંદિયા, સોનુનીયા, હુંબાપાડાનો સમાવેશ કરવામાં આવ્યો હતો. પરંતુ વસતીના આધારે વિભાજન થતાં માત્ર બે જ ગામની ગોટીયામાળ ગ્રુપ ગ્રામ પંચાયત અસ્તિત્વમાં આવી છે. અહીં છેલ્લાં ઘણાં વર્ષથી ગ્રુપ ગ્રામ પંચાયતની ચૂંટણીમાં ભાજપાનો દબદબો જોવા મળી રહ્યો છે.

ગોટીયામાળ ગામના વતની અને પૂર્વ ડાંગ જિલ્લા ભાજપના યુવા મોરચાના ઉપપ્રમુખ તથા હાલ ડાંગ જિલ્લાના લહાનચર્યામાં સી.આર.સી. તરીકે ફરજ બજાવતા મિલનકુમાર નવસુભાઈ ચૌધરીનો ગોટીયામાળ ગામ તથા વિસ્તારના વિકાસમાં અહમ ફાળો જોવા મળે છે. ડાંગ જિલ્લાના ભાજપા સંગઠનના પૂર્વ પ્રમુખ અને ગોટીયામાળ ગામના વતની એવા સ્વ.નવસુભાઈ ચૌધરીના પુત્ર મિલનકુમાર ચૌધરીને વારસાગત રાજકારણ મળ્યું હતું. તેઓએ પી.ટી.સી.નો અભ્યાસ પૂર્ણ કરી રાજકારણમાં ઝંપલાવ્યું હતું. અગાઉ તેઓ ડાંગ જિલ્લા ભાજપમાં યુવા મોરચાના ઉપપ્રમુખ તથા ગુજરાત પ્રદેશ ભાજપમાં કારોબારી સભ્ય તરીકે સફળ કામગીરી કરી ચૂક્યા છે. બાદ તેઓ સરકારી નોકરીમાં જોડાઇ જતાં હાલમાં આદિવાસી બાળકોનાં ભણતર માટેનાં શ્રેષ્ઠ પ્રયાસો કરી રહ્યા છે. હાલમાં તેઓ શિક્ષકના વ્યવસાયની સાથે વિસ્તારના વિકાસના પ્રશ્નોને લઈને આગળ દોડી રહ્યા છે. ગોટીયામાળ ગામના વતની મિલનકુમાર ચૌધરી હાલમાં ભલે શિક્ષક તરીકેની નોકરી કરે છે, પરંતુ તેઓની છાપ આજે પણ અનુભવી સમાજસેવક તરીકે થાય છે. ભાજપાના પૂર્વ યુવા મોરચાના પ્રમુખ મિલનકુમાર ચૌધરીની આજે પણ તાલુકા સહિત જિલ્લામાં લોકચાહના અકબંધ જોવા મળે છે. ગોટીયામાળ ગામના વતની એવા અર્જુનભાઈ ગવળી ભાજપમાંથી માલેગામ તાલુકા સીટ પરથી તાલુકા સદસ્ય તરીકે દબદબાભેર ચુંટાઈ આવ્યા છે. જેઓ અગાઉ આહવા તાલુકા પંચાયતમાં ચેરમેન તરીકેનો હોદ્દો સંભાળી ચૂક્યા છે. તેઓ ભાજપના પીઢ આગેવાન તરીકે ગામ સહિત તાલુકા વિસ્તારમાં ઊભરી આવ્યા છે. ભાજપના પીઢ આગેવાન અર્જુનભાઈ કે.ગવળી માલેગામ-ગોટીયામાળ વિસ્તારના લોકોને વિવિધ વિકાસકીય યોજનાઓમાં જાણકારી આપી મદદ પૂરી પાડી રહ્યા છે. ગોટીયામાળ ગામના રાજકારણમાં સરપંચનો હોદ્દો અને તાલુકા સદસ્યનો હોદ્દો ભાજપા પાર્ટી પાસે જ હોય, જેથી વિકાસકીય કામોને ગતિ મળી છે.

## યુવા મહિલા સરપંચ ઇન્દિરાબેન ચૌધરી ગ્રામ વિકાસ માટે તત્પર



ગોટીયામાળ ગ્રુપ ગ્રામ પંચાયતની વાત કરીએ તો ગામમાં સંપ હોવાના પગલે હાલમાં ભાજપા પેનલ સમર્પિત યુવા મહિલા સરપંચ તરીકે ઇન્દિરાબેન નવસુભાઈ ચૌધરીની પેનલ બિનહરીફ સમરસ થઈ છે. યુવા મહિલા સરપંચ ભાજપાના માજી પાર્ટી પ્રમુખ સ્વ.નવસુભાઈ ચૌધરીની દીકરી છે. ગામના વોર્ડ મેમ્બરમાં ઉત્તમભાઈ સી.ચૌધરી, યશવંતભાઈ એલ.વાઘેરા, વસંતભાઈ કે.ચૌહાણ, યોગેશભાઈ બી.ગાંગોડા અને જયવંતીબેન પી.ભગરે બિનહરીફ ચુંટાઈ આવ્યાં છે. હાલ આ ગામના યુવા અને શિક્ષિત મહિલાં સરપંચ ઇન્દિરાબેન નવસુભાઈ ચૌધરી તથા ચુંટાયેલ સભ્યો અને આગેવાનો તલાટી કમ મંત્રી નયનાબેન ડેર તથા તાલુકા સદસ્ય અર્જુનભાઈ ગવળીના માર્ગદર્શન મુજબ વિકાસકીય કામો કરવા માટે તત્પર બન્યાં છે. સરપંચ ઇન્દિરાબેન ચૌધરીનો ગામ સહિત વિસ્તારના વિકાસમાં અગ્રીમ ફાળો જોવા મળે છે. હાલ યુવા મહિલા ઇન્દિરાબેન ચૌધરી ભાજપા સમર્પિત પેનલમાંથી બિનહરીફ ચુંટાઈ આવ્યાં છે. ઇન્દિરાબેન ચૌધરી શિક્ષિત યુવા મહિલા નેતા તરીકે ઊભરી આવ્યા છે. આ ગામના તલાટી કમ મંત્રી તરીકે નયનાબેન ડેર નિયમિત કામગીરી કરે છે. તેમના ચાર્જમાં અન્ય ગ્રુપ ગ્રામ પંચાયતનાં ગામડાં પણ આવે છે. સાથે ગ્રુપ ગ્રામ પંચાયત ગોટીયામાળની નિયમિત કામગીરી કરી રહ્યા છે. ગોટીયામાળ ગામમાં ગ્રામ પંચાયતની કચેરીનું મકાન પણ છે. જેથી ગામના લોકોને દાખલા સહિત અન્ય કામગીરી માટે સરળતા પડે છે અને અન્ય ગામમાં જવું પડતું નથી. ગોટીયામાળ ગ્રામ પંચાયતમાં વી.સી. તરીકે જિગ્નેશભાઈ ભોયે નિયમિત કામગીરી કરી લોકોને મદદ કરે છે. ગોટીયામાળ ગામમાં સસ્તા અનાજની દુકાન પણ ઉપલબ્ધ છે.

## ગોટીયામાળ ગામમાં સાક્ષરતા દર 67.08 ટકા: સરકારી નોકરિયાતોની સંખ્યામાં વધારો થયો





આ ગામમાં સાક્ષરતા દર 67.08 ટકા જેટલો સારો હોવાથી સરકારી નોકરિયાતોની સંખ્યા ધીમે ધીમે વધી રહી છે. ગોટીયામાળ ગામમાં 1 જેટલી આંગણવાડી પણ કાર્યરત છે, જેમાં આંગણવાડી વર્કર તરીકે મીનકીબેન પાંડુરંગભાઈ પાડવી ફરજ બજાવે છે. જ્યારે હેલ્પર તરીકે સુન્તીબેન કશુંભાઈ ગાવીત ફરજ બજાવે છે, જેમાં 47 કન્યા અને 35 કુમાર મળી 82 જેટલાં ભૂલકાં પાયાનું શિક્ષણ મેળવે છે. ગોટીયામાળ ગામમાં જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ હસ્તકની ધોરણ-1થી 8ની પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળા આવેલી છે. આ શાળામાં કુલ 175 વિદ્યાર્થી સરકારના મફત શિક્ષણનો લાભ મેળવી રહ્યા છે. અહીં 81 કુમાર અને 94 કન્યા નોંધાયેલી છે. આ શાળાના આચાર્ય તરીકે મધુભાઈ ગાયકવાડ કામગીરી કરી રહ્યા છે. જ્યારે મદદનીશ શિક્ષકોમાં સપનાબેન એમ.આહીર, મીનાક્ષીબેન બી.ગાંગોડા, ધર્મિષ્ઠાબેન એન.પટેલ, ધ્રુવીબેન એ.પટેલ, મહેશભાઈ કે.ચૌધરી અને અજિતભાઈ પી.પટેલ નિયમિત ફરજ બજાવી રહ્યા છે. આ શાળાના શિક્ષકો નિયમિત રીતે શાળામાં આવી આદિવાસી ભૂલકાંને શિક્ષણ કાર્ય કરાવી રહ્યાં છે. આ શાળાના આચાર્ય મધુભાઈ ગાયકવાડ સ્થાનિક અને ઉત્સાહી હોવાથી શાળા રાબેતા મુજબ ચાલી રહી છે. આ શાળાના 7 શિક્ષકો નિયમિત શિક્ષણ કાર્ય કરાવે છે. પ્રાથમિક શાળા ગોટીયામાળનાં બાળકો ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં તાલુકા કક્ષાએ તથા અમુક બાળકો શિષ્યવૃત્તિની પરીક્ષામાં પણ પાસ થયા છે. શાળામાં અદ્યતન કોમ્પ્યુટર લેબ પણ આવેલી છે. અહીંનાં બાળકોને યોગ્ય શિક્ષણ મળી રહેતાં ગ્રામજનો પણ ગર્વ અનુભવી રહ્યા છે. ગોટીયામાળ ગામમાં ડાંગ યુવક સેવા સમિતિ દ્વારા વર્ષ 1981-82માં શરૂ કરાયેલી ધો.1થી 10ની વનરાજ આશ્રમશાળા પણ આવેલી છે. ગોટીયામાળ ગામની વનરાજ આશ્રમશાળા આજે બાળકો માટે વટવૃક્ષ બની અડીખમ ઊભી છે. અહીં ધો.1થી 10 માટે છાત્રાલયની પણ સુવિધાઓ ઉપલબ્ધ છે. અહીં ધો.1થી 10ના વિદ્યાર્થીઓ છાત્રાલયમાં રહી અભ્યાસ કરે છે. વનરાજ આશ્રમશાળામાં ધો.1થી 8માં કુમાર-57 તેમજ કન્યા 61 મળી કુલ 118 વિદ્યાર્થી મફતમાં શિક્ષણનો લાભ મેળવી રહ્યા છે. જ્યારે અહીં ધો.9 અને 10ની માધ્યમિક શાળા પણ આવેલી છે, જેમાં 45 કન્યા અને 23 કુમાર મળી 65 વિદ્યાર્થી હોસ્ટેલમાં રહી અભ્યાસ કરી રહ્યા છે. વનરાજ આશ્રમ શાળાના પ્રાથમિક વિભાગમાં મુખ્ય શિક્ષક તરીકે રાજેન્દ્રસિંહ એચ.ગાવીત ફરજ બજાવી રહ્યા છે. જ્યારે મદદનીશ શિક્ષકોમાં જ્યોત્સનાબેન જી.પટેલ, જાગૃતિબેન પી.ગાવીત, તુલસીરામભાઈ જી.બાગુલ નિયમિત ફરજ બજાવી રહ્યા છે. જ્યારે વનરાજ આશ્રમશાળા માધ્યમિક વિભાગમાં આચાર્ય તરીકે ઉર્વશીબેન પટેલ, જ્યારે મદદનીશ શિક્ષકોમાં વિજયકુમાર.જી.પરમાર તથા અશ્વિનકુમાર જે.સાંકળીયા ફરજ બજાવી રહ્યા છે. વનરાજ આશ્રમશાળાનાં બાળકોએ વિજ્ઞાનમેળામાં શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હતું. સાથે અહીં ધો.10ના રિઝલ્ટમાં પણ સુધારો આવતાં શિક્ષકોની મહેનત આખરે રંગ લાવી છે.



## ચાર રસ્તા ફાટક પાસેનું બસ સ્ટેન્ડ જર્જરિત

ગોટીયામાળ ગામના ચાર રસ્તા ફાટક પાસે બસ સ્ટેન્ડ તો છે, પરંતુ હાલમાં તે જર્જરિત હાલતમાં ફેરવાઈ ગયું છે. જ્યારે ગામની અંદર એકપણ બસ સ્ટેન્ડ નથી. ગામના ચાર રસ્તા નજીકની ફાટક પાસે માર્ગની સાઈડે વર્ષો પહેલા એક એસટી પિકઅપ સ્ટેન્ડ બનાવવામાં આવ્યું હતું. જે હાલમાં જર્જરિત હાલતમાં ઊભેલું જોવા છે. જર્જરિત એસટી સ્ટેન્ડના પગલે ગામના લોકોને શિયાળા, ઉનાળા અને ચોમાસામાં ઘણી નોબતો વેઠવાનો વારો આવે છે. એસટી સ્ટેન્ડ જર્જરિત હોવાના પગલે અપડાઉન કરતા વિદ્યાર્થીઓને માર્ગની સાઈડમાં વરસતા વરસાદ કે પછી ઉનાળામાં તડકામાં ઊભા રહેવાની નોબત આવે છે. સાથે ગોટીયામાળ ગામમાં પિકઅપ સ્ટેન્ડ નથી. જેથી સાંસદ અથવા ધારાસભ્ય ફંડમાંથી ગ્રાન્ટ ફાળવી ગામમાં નવા પિકઅપ સ્ટેન્ડનું નવીનકરણ કરવામાં આવે તેવી લોકમાંગ ઊઠી છે. ગોટીયામાળ ફાટક પાસે જર્જરિત પિકઅપ સ્ટેન્ડનું નવીનીકરણ અને ગામમાં પણ નવું પિકઅપ સ્ટેન્ડ બનાવવાની લોકમાંગ ઊઠી છે.

## નારાયણભાઈ ચૌધરીએ વર્ષો પહેલાં સ્ટ્રોબેરીનું વાવેતર કરી અખતરો કર્યો હતો

આ ગામના 100 ટકા લોકો ખેતી કરે છે. સાથે પશુપાલનનો તેમજ સાપુતારા ખાતે ધંધા રોજગારના વ્યવસાય સાથે પણ જોડાયેલા છે. આ ગામથી મહારાષ્ટ્ર નજીક પડતું હોવાથી અમુક લોકો રોજગારી અર્થે દ્રાક્ષ સહિત શાકભાજીની વાડીઓમાં કામ અર્થે જાય છે. જ્યારે અમુક લોકો સાપુતારા ખાતે કામકાજના અર્થે અથવા ધંધા-રોજગાર અર્થે જાય છે. અહીં ચોમાસા અને શિયાળામાં પાણીના સ્ત્રોત મળી રહેતાં ખેડૂતો પરંપરાગત ખેતી સહિત શાકભાજી, કઠોળ, કારેલાં, મકાઈ જેવા પાકોની ખેતી કરે છે. આ ગામમાં ચોમાસા અને શિયાળામાં ખેડૂતો દ્વારા ચણા, વટાણા, ઘઉં, મકાઈ, વરી, નાગલી, મગ, અડદ, ડાંગર, જુવાર, કુળીદ, ખરસાણી, મગફળી, તુવેર વગેરે પાકોનું ઉત્પાદન કરવામાં આવે છે. જ્યારે અમુક ખેડૂતોએ પાણીની સુવિધાઓ માટે સ્વ-ખર્ચે ખેતરોમાં બોર અને કૂવા દ્વારા પાણીની સુવિધાઓને ઉપલબ્ધ કરી છે. જેઓ ભીંડા, મરચાં, ફણસી, ટામેટાંની ખેતી કરે છે. પશુપાલનની દૃષ્ટિએ ગામના નાના-મોટા ખેડૂતો પોતાની પાસે ગાય, ભેંસ, બકરાં, ખેતી માટે બળદ અને પાડા જેવા પાળતું પ્રાણીઓનો ઉછેર કરી તેમાંથી સાઈડ આવક મેળવી પરિવારના ભરણપોષણમાં ભાગીદાર બને છે. વર્ષો પહેલા ગોટીયામાળ ગામના એક ખેડૂત દ્વારા સૌપ્રથમવાર સ્ટ્રોબેરીનું વાવેતર કરી અખતરો કર્યો હતો. ગોટીયામાળ ગામના ખેડૂત નારાયણભાઈ આબાજીભાઈ ચૌધરીએ વર્ષો પહેલા દક્ષિણ ભારતમાંથી સ્ટ્રોબેરીનું છોડ લાવી પોતાના ખેતરમાં વાવેતર કરી અખતરો કર્યો હતો. પ્રગતિશીલ ખેડૂત દ્વારા અખતરા કરાયેલા સ્ટ્રોબેરીના ફળને ડાંગ જિલ્લાનું વાતાવરણ માફક જણાયું હતું. આથી વધુ છોડ લાવી ખેતરમાં પદ્ધતિસર સ્ટ્રોબેરીના ખેતીની શરૂઆત કરી હતી. આજે ડાંગ જિલ્લાના અનેક ખેડૂતો દ્વારા સ્ટ્રોબેરીની ખેતી મબલક રીતે કરાય છે.



## ડાંગમાં ભાજપના ઉદયની શરૂઆત ગોટીયામાળ ગામમાંથી થઈ હતી

ડાંગ જિલ્લામાં ભાજપના ઉદયની શરૂઆત ગોટીયામાળ ગામમાંથી થઈ હતી. આઝાદી બાદ ડાંગ જિલ્લાનાં ગામડાંમાં કોંગ્રેસનું એકહથ્થુ શાસન જોવા મળતું હતું. આથી લોકો બદલાવ માંગી રહ્યા હતા. ત્યારે ગામના સમાજકલ્યાણ અધિકારી નવસુભાઈ આબાજીભાઈ ચૌધરીએ રાજ્યના ભાજપના વરિષ્ઠ નેતાઓ સાથે મુલાકાત કરી હતી. બાદ 1985માં નોકરીમાંથી સ્વૈચ્છિક નિવૃત્તિ લઈ નવસુભાઈ ચૌધરીએ રાજકારણ તરફ દોટ મૂકી હતી. તેઓ ભાજપા સમર્પિત પેનલમાંથી ગોટીયામાળ ગ્રુપ ગ્રામ પંચાયતના સરપંચ, ડાંગ જિલ્લા પંચાયતના સદસ્ય તથા જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ, ડાંગ જિલ્લા ભાજપા પાર્ટીના પ્રમુખ, ઉપપ્રમુખ સહિત વિવિધ સંસ્થાઓમાં હોદ્દા પર બિરાજમાન થયા હતા. સ્વ.નવસુભાઈ ચૌધરીને આજે પણ લોકો સન્માનપૂર્વક યાદ કરે છે. આજે ભાજપાનો પાયો નાંખનાર સ્વ.નવસુભાઈ ચૌધરી હયાત નથી, પરંતુ તેઓનું નામ આજે પણ ડાંગ જિલ્લાના લોકોના ગુંજારવમાં સન્માનભેર સાંભળવા મળે છે. ભાજપાના પૂર્વ પ્રમુખ સ્વ.નવસુભાઈ ચૌધરી ભલે આજે હયાત નથી. પરંતુ તેઓનું વારસાગત રાજકારણ બે જેટલી દીકરીને આપી જતાં તેઓની એક દીકરી ઇન્દિરાબેન ગોટીયામાળ ગ્રુપ ગ્રામ પંચાયતમાં સરપંચ તથા બીજી દીકરી તન્મયબેન સાપુતારાની તળેટીમાં આવેલ માલેગામનાં સરપંચ તરીકેનું સુકાન સંભાળી રહી છે.

## ગામનું નામ રોશન કરનારા શિક્ષિતો

ગોટીયામાળ ગામનાં યુવાનો અને યુવતીઓ સરકારની જુદી જુદી પોસ્ટ પર નોકરી કરી ગામનું નામ રોશન કરી રહ્યા છે. જ્યારે નિવૃત્ત કર્મચારીઓ ગામના વિકાસમાં યોગદાન આપી રહ્યા છે. ગોટીયામાળ ગામના (1) લક્ષ્મણભાઈ એમ. ગાંગોડા-પોલીસ આઈ.બી.-ડાંગ, (2) સુરેશભાઈ એન.ચૌધરી-જમાદાર-સાપુતારા, (3) મીનાક્ષીબેન ભાસ્કરભાઈ ગાંગોડા-શિક્ષિકા ગોટીયામાળ-ડાંગ, (4) મિલનકુમાર નવસુભાઈ ચૌધરી-સી.આર.સી. લહાનચર્યા-ડાંગ, (5) હરિભાઈ એસ.ચૌધરી-બી. એસ.એફ. અમદાવાદ બટાલિયન, (6) દિનેશભાઇ પી.ગાંગોડા-પોલીસ-આહવા, (7) ત્રિદીપભાઈ નવસુભાઈ ચૌધરી-હિસાબનીશ-બાળસુરક્ષા ડાંગ, (8) માધવભાઈ દેવરામભાઈ ચૌધરી-ક્લાર્ક-સાપુતારા, (9) કમલેશભાઈ એમ.ભોયે-ક્લાર્ક સાપુતારા, (10) ભાવરાવભાઈ કે.ગાવીત-લેબ ટેક્નિશયન-આહવા સિવિલ, (11) અનિલભાઈ ઝેડ.ગાવીત-મેનેજર મોલ-સુરત, (12) સૂરજભાઈ પાંડુભાઈ પાડવી-બ્રધર-સિવિલ સુરત, (13) ગીતાબેન ઉત્તમ ચૌધરી-નર્સ-સિવિલ હોસ્પિટલ-આહવા, (14) પ્રિયંકાબેન જી.ચૌધરી-181-અમદાવાદ, (15) સેજલબેન સુરેશભાઈ ચૌધરી-સી. એચ.ઓ.-બરડા, (16) ગણેશભાઈ લક્ષ્મણભાઈ વાઘેરા-ડ્રાઇવર પી.એચ.સી. ગલકુંડ, (17) દત્તાત્રેય લક્ષ્મણ વાઘેરા-વોર્ડ બોય-સી.એચ.સી. શામગહાન, (18) વિજયભાઈ લક્ષ્મણભાઈ વાઘેરા-પી. એચ.સી. ગલકુંડ, (19) મહેશભાઈ ગણેશભાઈ વાઘેરા-વોર્ડ બોય પી.એચ.સી. સાપુતારા, (20) સંજયભાઈ એમ.ભોયે-કોમ્પ્યુટર ઓપરેટર નોટિફાઈડ સાપુતારા, (21) યશવંતભાઈ કે.ગાવીત-કોમ્પ્યુટર ઈજનેર-સુરત, (22) નિમિષાબેન ત્રિદીપભાઈ ચૌધરી-ક્લાર્ક-બેંક ઓફ બરોડા આહવા, (23) સુરેશભાઈ બી.ચૌધરી-સિક્યુરિટી ગાર્ડ-સાપુતારા, (24) કૈલાસભાઈ યુ.ચૌધરી-સિક્યુરિટી ગાર્ડ-સાપુતારા, (25) નિલેશભાઈ પી.ચોથવા-સિક્યુરિટી ગાર્ડ-સાપુતારા, (26) ગોવત એલ.ભોયે-સિક્યુરિટી ગાર્ડ-સાપુતારા, (27) વિશાલભાઈ સુરેશભાઈ ચૌધરી-સિક્યુરિટી ગાર્ડ-સાપુતારા, (28) સુરેશ રમેશ ચોથવા-હોમગાર્ડ, જ્યારે ગોટીયામાળ ગામના નિવૃત્ત કર્મચારીઓમાં (1) સ્વ.નવસુભાઈ ચૌધરી-માજી સમાજ કલ્યાણ અધિકારી, (2) શિવાજીભાઈ જે.પવાર-નિવૃત્ત નાયબ પોલીસ અધિક્ષક, (3) દેવરામભાઈ સોમાભાઈ ચૌધરી-નિવૃત્ત શિક્ષક, (4) પાંડુરંગભાઈ ગોવિંદભાઈ ચૌહાણ-નિવૃત્ત જમાદાર, (5) ભાસ્કરભાઈ એસ.ગાંગોડા-નિવૃત્ત રોડ કારકુન, (6) લક્ષ્મણભાઈ એ.વાઘેરા-નિવૃત્ત પટાવાળા, (7) શુકરભાઈ હરિભાઈ પાડવી-નિવૃત્ત ફાર્મસી મંડળી, (8) વિઠ્ઠલભાઈ ડી.ચૌધરી-નિવૃત્ત પટાવાળા, (9)યશવંતભાઈ ડી.પાડવી-નિવૃત્ત પટાવાળા, (10) હાઉસુબેન મોતીરામ ચૌધરી-નિવૃત્ત શિક્ષિકા, (11) સ્વ.શ્રાવણભાઈ કે.પાડવી-નિવૃત્ત ટપાલીનું ગામના વિકાસમાં યોગદાન જોવા મળ્યું છે. જ્યારે જે યુવકો, યુવતીઓ હાલમાં સરકારી અને ખાનગી ક્ષેત્રે નોકરી કરી રહ્યાં છે. જે ગોટીયામાળ ગામ સહિત વિસ્તારનું નામ રોશન કરી રહ્યા છે.

## ગ્રામજનો દારૂની બદીનું દૂષણ ડામવા સફળ

ગોટીયામાળ ગામના ગ્રામજનો વર્ષોથી ગામમાં દારૂ બદીનું દૂષણ ડામવા સફળ બન્યા છે. ગોટીયામાળ ગામે દારૂબદીની ઝુંબેશ સફળ બનતાં લોકો કંકાસમુક્ત અને આરામદાયક જીવન જીવી રહ્યા છે. ગોટીયામાળ ગામમાં દેશી દારૂ જેવાં આલ્કોહોલીક પીણાં બનાવવા પર ગ્રામજનોએ પ્રતિબંધ ફરમાવ્યો છે. ગામ તથા પરિવાર અને સમાજ માટે ખતરારૂપ દારૂના વ્યસનને ડામવા માટે ગામના આગેવાનો વર્ષોથી સક્રિય બન્યા છે. આ ગામમાં દારૂની બનાવટ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે અને કોઈ પકડાય તો ગ્રામજનો વતી દંડ વસૂલવામાં આવે છે. તથા ભવિષ્યમાં આવું ગુનાહિત કૃત્ય ન કરે તે માટે બાંયધરી પણ લેવામાં આવે છે. ગામમાં દારૂબદીનાં દૂષણ પર રોક લાગતાં સુખ શાંતિનો માહોલ જોવા મળે છે.

(માહિતી સંકલન-તસવીર, ગીરીશ ભોયે, સાપુતારા)